આજની પ્રાર્થના....

અપની નિગાહ મેં હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના, તેરી પનાહમે હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૦૦ | ૨૦ જુન, ૨૦૨૧, રવિવાર; જયેષ્ઠ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ત્રીજી લહેરને રોકવી અશક્ય : ડો. ગુલેરીયા



## કોરોનાની ત્રીજી લહેરને લઈને ફરી ચેતવણી : ૬-૮ સપ્તાહમાં ઝપેટમાં લેશે : રાજ્યોમાં ધીરેધીરે નિયંત્રણો હળવા બનતાં લોકો એકબીજાના સંપર્કમાં આવતા હોઈ ત્રીજી લહેર આવવાની વધુ સંભાવના વ્યક્ત કરતા એમ્સ વડા ગુલેરીયા

નવી દિલ્હી, તા.૧૯

એક ચેનલ સાથે વાત કરતી વખતે એઆઈઆઈ એમએસના ચીફ ડો. રણદીપ ગુલેરીયાએ કહ્યું કે, 'દેશમાં કોરોનાની ત્રીજી લહેરને રોકવી અશક્ય છે. ત્રીજી લહેર આગામી ૬ થી ૮ અઠવાડિયામાં આવી શકે છે.' અને તે માટે આપણે સૌએ તૈયાર રહેવું પડશે. અત્યારે ધીરે-ધીરે દેશના અનેક રાજ્યોએ લગાવેલ પ્રતિબંધ હળવા થઈ રહ્યા છે અને તેના કારણે લોકોનો એકબીજા સાથેનો સંપર્ક વધશે અને તે ત્રીજી લહેરને આમંત્રણ આપશે.

આ સાથે જ તેમણે ઉમેર્યું હતું કે, વેક્સિનેશન પ્રક્રિયા જેટલી ઝડપી થશે તેટલા જ મોત આપણે ઘટાડી શકીશું. હજુ સુધી દેશમાં ફક્ત ૫ % લોકોએ જ કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. જે

આંકડો બહુ ઓછો છે. વધુમાં વધુ લોકો વેક્સિન લે તે જરૂરી છે.

વેક્સિનની સાથે સાથે દેશની રાજ્ય સરકારોએ ખાસ સર્વેલન્સ સિસ્ટમ ઊભી કરવી જરૂરી છે. જાહેર સ્થળોએ લોકો કોરોના ગાઈડ લાઈન્સનું પાલન કરે તે આ સમયની જરૂરિયાત છે. કેન્દ્ર સરકારે આ વર્ષના અંત સુધીમાં દેશના ૧૩૦ કરોડ નાગરિકોમાંથી ૧૦૮ કરોડ લોકોને વેક્સિન આપવાનુંલક્ષ્ય નક્કી કર્યું છે. તમામ પ્રકારના માધ્યમથી કેન્દ્ર અને રાજ્ય સરકાર લોકોને વેક્સિન લેવા માટે જાગૃત કરી રહી છે. ભારતમાં મળી આવેલ ડેલ્ટા વેરિયન્ટ, હવે યુકે માં મુશ્કેલી સર્જી રહ્યો છે અને છેલ્લા ૨ અઠવાડિયાથી યુકેમાં આ મ્યુટન્ટ વાયરસના હજારો કેસ સામે આવી રહ્યા છે. આ કારણે યુકે ગવર્નમેન્ટ દ્વારા લોકડાઉનનો સમય વધારી દીધો છે.

# મહાન દોડવીર ફલાઈંગ શીખ મિલ્ખા સિંહનું નિધન

### વડાપ્રધાને ઓલિમ્પિયનને શ્રધ્ધાંજલિ આપી : રવિવારે જ તેમની પત્ની અને ભારતીય વોલીબોલ ટીમનાં પૂર્વ કેપ્ટન નિર્મલ કૌરનું કોરોનાને કારણે અવસાન થયું હતું

નવી દિલ્હી,તા.૧૯

ભારતના મહાન દોડવીર ફલાઈંગ શીખ મિલ્ખા સિંહનું એક મહિના સુધી કોરોના વાયરસ સામે લડ્યા બાદ નિધન થયું છે. પરિવારના પ્રવક્તાએ શુક્રવારે રાત્રે આ અંગેની માહિતી આપી હતી. કોવિડ-૧૯ પછીની સમસ્યાઓને લીધે શુક્રવારે સાંજે ૯૧ વર્ષના મિલ્ખા સિંહની હાલત નાજુક થઈ હતી, જેમાં તેમનું ઓક્સિજનનું સ્તર ઓછું થઈ ગયું હતું. તેમને તિવ્ર તાવ પણ આવતો હતો. રવિવારે જ તેમની પત્ની અને ભારતીય વોલીબોલ



ટીમની પૂર્વ કેપ્ટન નિર્મલ કૌરનું પણ કોરોના સંક્રમણને કારણે અવસાન થયું હતું. તેમના પરિવારના પ્રવક્તાએ જણાવ્યું કે, તેમનું રાત્રે ૧૧.૩૦ વાગ્યે અવસાન થયું. સાંજથી જ તેમની હાલત ખરાબ હતી અને તિવ્ર તાવની સાથે ઓક્સિજન પણ ઘટ્યું હતું. તેમને અહીં પીજીઆઈએમઈઆરના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગયા મહિને તેમને કોરોના હતો અને બુધવારે તેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. તેમને

● અનુસંધાન પાન-૭ પર

# મોદીની ૨૪મીએ જમ્મુ અને કાશ્મીરના નેતાઓ સાથે બેઠક

### જમ્મુ-કાશ્મીરમાં રાજકીય ઘર્ષણના અંત માટે પહેલના સંકેત

નવી દિલ્હી, તા.૧૯

જમ્મુ કાશ્મીરના રાજકારણમાં ફરી એક વખત પલટો આવી શકે છે. જાણવા મળ્યા મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૪ જૂનના રોજ જમ્મુ કાશ્મીરની તમામ રાજકીય પાર્ટીઓની એક મીટિંગ બોલાવી છે.

આ મીટિંગમાં ગૃહમંત્રી અમિત શાહ સહિત કેન્દ્રના અનેક નેતાઓ પણ સામેલ થઈ શકે છે. આ બેઠકમાં જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી યોજવાને લઈને ચર્ચા થાય તેવી સંભાવના છે.

ઓગષ્ટ ૨૦૧૯માં જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી હતી અને તેને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચવામાં આવ્યું હતું. આ ઘટનાના બે વર્ષ બાદ જમ્મુ કાશ્મીરમાં રાજકીય ઘર્ષણનો અંત લાવવા કેન્દ્રની આ પ્રથમ મોટી પહેલ માનવામાં આવે છે. આ મીટિંગમાં જમ્મુ અને કાશ્મીર એમ બંને ક્ષેત્રના નેતાઓને બોલાવવામાં આવ્યા છે.

શુક્રવાર સુધીમાં જમ્મુ કાશ્મીરની ૯ રાજકીય પાર્ટીઓને મીટિંગ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું પરંતુ વડાપ્રધાન સાથેની મીટિંગમાં ૧૬ પાર્ટીઓને

● અનુસંધાન પાન-૭ પર


મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા








